અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન (૧)

**ચંદ્રપ્રભજિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ; મનના માન્યા;**
**સેવા જાણો દાસની રે, દેશ્યો ફળ નિરવાણ; મનના માન્યા.**
**આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;**
**ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા.**

હે ચંદ્રપ્રભ જિનેશ્વર દેવ ! હે સાહેબા ! આપી ચતુર છો, સુજાણ છો અને મનને પ્રિય છો. દાસની કરેલી સેવા જાણો છો અને તેથી આપ મોક્ષપદ આપશો જ એવી મને ખાતરી છે. હે ચતુર અને સુખભોગી પ્રભુ ! આવો, આવો, આપણે એકાંતમાં આત્માની વાતો કરીએ, કારણ કે એ પ્રકારે ગુણની ગોષ્ઠી કરવાથી પ્રેમ પ્રગટે છે.

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર
પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન (૨)

ઓછું અધિક પણ કહે રે, આસંગાયત જેહ; મનના માન્યા;
આપે ફળ જે અણકહ્યાં રે, ગિરૂઓ સાહિબ તેહ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા.

મનના માનીતા હે માલિક ! જે બહુ હળી મળી ગયેલા હોય તે (બાળક જેમ માતા-પિતાને કહે તેમ) ઓછું-વધતું કહે એ બનવા જોગ છે. મોટા પુરુષ તે જ કહેવાય કે જે કહ્યા વિના ફળ આપે.

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર
પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન (૩)

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મનના માન્યા;
જળ દીયેં ચાતક ખીજવી રે, મેઘ હુઓ તેણે શ્યામ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા.

'અમે દીન-ગરીબ છીએ' એમ કહેવરાવ્યા વિના, દાન આપવાથી દાતાનો મહિમા વધે છે. બાકી તો ચાતકને ખીજવી-પજવીને મેઘ જળ તો આપે છે, પણ તેથી મેઘની શોભા ઘટી છે, તે શ્યામ થઈ ગયો છે

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર
પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન (૪)

પિઉ પિઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મનના માન્યા;
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા.

હે મનમાન્યા માલિક ! ‘પીયુ-પીયુ’ શબ્દો વડે તમારો જાપ હું જપું છું. હું ચાતક છું, તમે મેઘ છો તો તરત મારાં દુઃખ દૂર કરો જેથી આપણો સ્નેહ બમણો થઈ જાય.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન (૫)

મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મનના માન્યા;
વાચક જશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય; મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ; મનના માન્યા.

હે પ્રભુ ! જો મોક્ષરૂપી ફળ, વહેલું મોડું આપે આપવાનું જ છે, તો વિલંબ શા માટે કરો છો ? આપ તુષ્ટમાન થાઓ, તો જ હે જગનાથ ! મને સુખ થાય તેમ છે.

Melbourne Shwetambar Jain Sangh